# વર્ષા અને સૂર્ય

૧ ઑગસ્ટ, ૨૦૧૮

આત્મીય પાઠકો,

ઑગસ્ટ મહિનામાં હું વર્ષા વિશે વિચાર કરી રહી છું, જે છેલ્લા થોડા દિવસોથી શ્રી મુક્તાનંદ આશ્રમ પર છવાયેલાં વાદળોનો ભાર હલકો કરી રહી છે અને પોતાને મુક્ત કરી રહી છે. તે જળરૂપી પડદાની જેમ લગાતાર પડતી રહે છે, ક્યારેક સ્થિરતાથી પડે છે તો ક્યારેક પવનની સાથે લહેરાતી રહે છે; ક્યારેક થોડી મિનિટો સુધી તો ક્યારેક કલાકો સુધી પડતી રહે છે, અને તેનો આધાર એ વાત પર છે કે એ દિવસે આકાશમાં કેટલું પાણી સમાહિત છે. તમે આ વરસતા પાણીના ધ્વનિ પર ધ્યાન કરી શકો છો; તમે તેના પર સંકીર્તન કરી શકો છો; તમે મંત્રના સ્પંદનોને સાંભળી શકો છો, જે તેના જલપ્રવાહમાંથી ઉત્પન્ન થાય છે.

શ્રીગુરુમાઈએ આપણને ઘણીવાર શીખવ્યું છે કે આપણે વર્ષાનું સ્વાગત આશીર્વાદોનું સૂચક માનીને કરીએ. તેથી જ્યારે હું વરસાદ જોઉં છું ત્યારે મને સ્વયંને એ યાદ અપાવવાનું સારું લાગે છે કે હા, આ સંસારમાં ભલાઈ છે અને વિપુલ પ્રમાણમાં છે. હા, આ સંસારમાં દિવ્યતા છે; તેમાં નવચેતનાથી પુનઃ ભરાઈ જવા માટે અને નવી શરૂઆત કરવા માટે સુઅવસર નિશ્ચિતપણે છે; મુસળધાર વરસાદના ધ્વનિના ઊંડાણમાં પણ, ગહન શાંતિ અને મખમલી મૌન છે.

આ મહિનાનું સિદ્ધયોગ પથ પર અને સિદ્ધયોગના ઇતિહાસમાં ખૂબ મહત્ત્વ છે. ૮મી ઑગસ્ટના દિવસે ભગવાન નિત્યાનંદની પુણ્યતિથિ છે અને આ વર્ષે બંને ચંદ્રતિથિ અને સૌરતિથિ એક જ દિવસે આવે છે. અને તેના એક અઠવાડિયા પછી, ૧૫મી ઑગસ્ટે બાબા મુક્તાનંદના દિવ્ય દીક્ષા દિવસની વર્ષગાંઠ છે. અને પછી ૨૫મી ઑગસ્ટે, (ભારત અને પૂર્વીય ગોળાર્ધના કેટલાક ભાગોમાં ૨૬મી ઑગસ્ટે) પૂર્ણિમાએ આપણે રક્ષાબંધનનો તહેવાર ઉજવીશું.

ભારતના શાસ્ત્રો આપણને કહે છે કે જ્યારે કોઈ મહાત્મા પોતાના ભૌતિક દેહનો ત્યાગ કરે છે, ત્યારે *વાસ્તવમાં* તેઓ આપણને છોડીને જતા નથી. નિર્વાણ પછી ભલે તેઓ સંસારમાં એ રૂપે ન હોય જેમાં તેઓ અત્યાર સુધી હતા, તોપણ તેમની શક્તિ, તેમની ઉપસ્થિતિ, તેમની કૃપા આપણા વાતાવરણમાં ભળીને તેમાં પ્રકાશ ફેલાવતી રહે છે. એક મહાત્માની પુણ્યતિથિ પર આપણે તેમની શક્તિ, તેમની ઉપસ્થિતિ અને તેમની કૃપાને ઓળખીએ છીએ અને તેના પર ચિંતન કરીએ છીએ. એને સમજવા માટે આપણે એકધારા પડી રહેલા વરસાદની ઉપમા લઈ શકીએ છીએ. તે આપણને ચારેબાજુથી ઘેરી રાખે છે અને ચમકતા જળરૂપી પડદાની રચના કરે છે. પરંતુ જ્યારે આપણે તેને એકદમ નજીકથી જોઈએ, તો આપણે જોઈ શકીએ છીએ કે દરેક ટીપું કેવું ઝગમગી રહ્યું છે. વરસાદના દરેક ટીપામાં એક જાદુઈ અનુભવ હોય છે, તેમાં માંગલ્ય અને આશાની એક ઝલક હોય છે.

બડે બાબા જન્મસિદ્ધ હતા. આત્મજ્ઞાનની અવસ્થામાં જ તેઓ આ પૃથ્વી પર અવતરિત થયા હતા; માનવરૂપમાં તેમની ઉપસ્થિતિથી સમસ્ત માનવજાતિ માટે એક વરદાન હતું. તેમના વિશે અનેક વાર્તાઓ છે કે કેવી રીતે તેમની

ઉપસ્થિતિમાં હોવાથી લોકોના દુઃખ દૂર થઈ જતાં. તેમનું ભાગ્ય, સૌભાગ્યમાં બદલાઈ જતું. લોકોને નવેસરથી અથવા જીવનમાં પહેલીવાર સમજાતું કે શાંતિ શું છે. બડે બાબાની ઉપસ્થિતિમાં લોકો પોતાના આત્માના સંપર્કમાં આવી જતાં.

આ વિચારમાત્ર આપણને વિનમ્રતાથી ભરી દે છે, આપણને આશ્ચર્યથી ભરી દે છે કે બડે બાબાની મહાસમાધિમાં, તેમના મહાનિર્વાણમાં પણ કેટલી અપાર કરુણા હતી; આ કહેવાની સાથેસાથે આપણે કદાચ એ પણ કહી શકીએ કે તેમના મહાનિર્વાણમાં વિશેષકરીને અવર્ણનીય ઉદારતા હતી. આપણું અહોભાગ્ય છે કે આપણે બડે બાબાના આશીર્વાદોનું આવાહન કરી શકીએ છીએ અને સદા-સર્વદા કરી શકીશું.

તેથી જ બડે બાબાની પુણ્યતિથિ એક ઉત્કૃષ્ટ સુઅવસર છે, તે એક પ્રેરણા છે, 'થોભવું અને જોડાવું'નો અભ્યાસ કરવા માટે, બડે બાબાની સંગતિમાં રહેવાનો સ્વપ્રયત્ન કરવા માટે, તેઓ વાસ્તવમાં જે છે એ સત્યને આપણા હૃદયમાં અને આપણી આસપાસના જગતમાં અનુભવ કરવા માટે. જ્યારે આપણે આકાશમાં કૃષ્ણ-નીલા વહેતા વાદળોની વચ્ચે બડે બાબાના ચિત્રને ઓળખી લઈએ છીએ, ત્યારે આપણે નિશ્ચિતપણે તેમની સાથે સત્સંગ કરી રહ્યાં હોઈએ છીએ. જ્યારે આપણે તેમની પ્રતિમા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ — માની લો કે તેઓ સીધા બેઠા છે, એક પગ બીજા પગના ઘૂંટણ પર મૂક્યો છે, તેમના આસનમાં કેટલો રાજસી વૈભવ છે, એ ફોટો ભલે જૂના સમયનો કેમ ન હોય, તેમના પર જ્યારે આપણે આપણું ચિત્ત એકાગ્ર કરીએ છીએ તો આપણે નિઃસંદેહ તેમની સાથે જોડાયેલાં હોઈએ છીએ. જ્યારે આપણે તેમનું મહિમાગાન કરતા 'નિત્યાનંદ આરતી' ગાઈએ છીએ, ત્યારે મરાઠી ભાષાની એ પંક્તિઓની મધુરતા સૌથી કઠોર દિવાલો જે આપણે જ આપણા હૃદયની આસપાસ ઊભી કરી દીધી છે, તેને પણ નરમ કરી દે છે, અને ત્યારે આપણને અંતરમાં સહજ રીતે ખબર પડી જાય છે કે આપણો અવાજ એવી કોઈ વસ્તુ સાથે મળીને એક થઈ રહ્યો છે જે આપણા કરતા પણ વધુ મહાન છે. અને હા, જ્યારે આપણે તેમના સ્વરૂપ પર ગુરુમાઈજી દ્વારા લિખિત ધારણાનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે એમાં કોઈ આશ્ચર્યની વાત નથી કે તેમનું સ્મિત આપણા પોતાના હૃદયમાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે, તે એવી આબેહૂબ રીતે પ્રતિબિંબિત થાય છે કે એના કાર્ય અને કારણમાં ભેદ કરવો એટલે કે કયું સ્મિત મૂળ છે અને કયું તેનું પ્રતિબિંબ છે એ કહેવું મુશ્કેલ થઈ જાય છે. જો આવું હોય તો આપણે એ નિશ્ચિતરૂપે કહી શકીએ કે આપણે પરમ સત્ય સાથે એકરૂપ છીએ.

પોતાના પુસ્તક 'ગણેશપુરી નિવાસી ભગવાન નિત્યાનંદ'માં બાબા મુક્તાનંદ અત્યંત સુંદરતાથી લખે છે કે જેઓ બડે બાબાને પ્રેમ કરે છે અને તેમની આરાધના કરે છે, તેમના માટે બડે બાબાની પુણ્યતિથિનો શું અર્થ છે. બાબાજી કહે છે :

શ્રીગુરુદેવ જેવા હતા તેવા જ છે. તેઓ અહીં જ છે.
તેઓ પૂર્ણ હતા અને કાળના આદિથી અંત સુધી પૂર્ણ રહેશે.[1]

* * *

અંતર-સંબંધ, અનંતતા, અંતર-સંબંધની અનંતતા — ઑગસ્ટ મહિનાના વિવિધ તહેવારો ઉજવીએ છીએ ત્યારે શ્રીગુરુમાઈના ૨૦૧૮ના સંદેશથી સંબંધિત આ બધા વિષય આપણા અંતરમાં ઊઠતા રહે છે.

બાબા મુક્તાનંદ વર્ણન કરે છે કે ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભગવાન નિત્યાનંદ પાસેથી શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થયા પછી જ્યારે તેઓ બહાર આવ્યા તો થોડીવારમાં જ વરુણ દેવની પણ કૃપા થઈ અને મંદ-મંદ વર્ષાનાં ઝીણાં ટીપાં ધીમેથી પડવા લાગ્યાં. તેમની આધ્યાત્મિક આત્મકથા 'ચિત્શક્તિ વિલાસ'માં બાબાજી લખે છે કે તે 'મંગલાનાં ચ મંગલમ્ દિન' હતો.

એ દિવસે બડે બાબાના કૃપાપ્રસાદને કારણે એટલાં પુણ્યોનો સંચય થયો, એટલા કલ્યાણકારી આશીર્વાદોની વર્ષા થઈ કે તેનાથી બાબાજીની પોતાની સાધના અને પ્રાપ્તિનો વિકાસ થયો અને તેની સાથેસાથે તેનાથી વિશ્વભરના સાધકોની આવનારી પેઢીની સાધના પણ આગળ વધી. બાબાજી એ આ પવિત્ર શક્તિપાત દીક્ષા હજારો લોકોને પ્રદાન કરી અને એક શક્તિપાત ગુરુ તરીકે પ્રસિદ્ધ થયા તેનું બીજ પણ ૧૫મી ઑગસ્ટના દિવસે થયેલી ઘટનામાં જ નિહિત હતું. તદુપરાંત, આ દિવસનું માંગલ્ય આખા જગતમાં પણ એટલું પ્રગટ થતું દેખાઈ રહ્યું હતું જેટલું બાબાજીના જીવનમાં. આ જ દિવસે અંતરની સ્વતંત્રતા બહાર પણ પ્રતિબિંબિત થઈ રહી હતી કારણ કે ભારતનું સ્વતંત્રતા આંદોલન આખરે સફળ થયું હતું.

મને જ્ઞાનેશ્વરીની એ ઓવી યાદ આવે છે, જે બાબાજી અને બડે બાબા, બંનેનું વર્ણન કરે છે અને સાથેસાથે ખૂબ જ સચોટપણે એ પણ વ્યક્ત કરે છે કે બાબાજીની દિવ્ય દીક્ષાને કારણે માનવજાતિનું અત્યંત પ્રચુરતાથી કલ્યાણ થયું. જ્ઞાનેશ્વર મહારાજ કહે છે :

> જયજય વો શુદ્ધે। ઉદારે પ્રસિદ્ધે।
> અનવરત આનંદે। વર્ષતિયે।।

> હે અનુગ્રહકારી શક્તિ, તમારી જય હો!
> તમે શુદ્ધ છો, તમારી ઉદારતા માટે પ્રસિદ્ધ છો
> અને અનવરત રૂપે આનંદ-વર્ષા કરતાં રહો છો![૨]

દરવર્ષે ઑગસ્ટ મહિનામાં, સિદ્ધયોગ પથ વેબસાઇટ પર બાબાજીનો શક્તિપાત અનુભવ પ્રકાશિત થાય છે, જેનું વર્ણન તેઓ 'ચિત્શક્તિ વિલાસ'માં કરે છે. તે એક સુંદર વૃત્તાંત છે જે આપણને વારંવાર તેની તરફ આકર્ષિત કરે છે, જે વારંવાર આમંત્રિત કરે છે કે આપણે તેને વાંચીએ, ફરી-ફરી વાંચીએ અને તેની ખોજ કરીએ કે આમાં આપણા માટે બીજું શું-શું છે જેના પર આપણે ચિંતન-મનન કરી શકીએ, અને જેના પર મંત્રમુગ્ધ થઈ શકીએ. મારા માટે આ વૃત્તાંત, બાબાજીની મહાનતાની, તેમની ઉદારતાની જ અભિવ્યક્તિ છે. શક્તિપાત દીક્ષા આપણને આપણા સાચા સ્વરૂપની એક ઝલક આપે છે. આ સૌથી અમૂલ્ય ઘટનાના તેમના પોતાના અનુભવને આટલી જીવતંતા, સ્પષ્ટતા અને વિસ્તારથી વર્ણન કરીને, બાબાજી આપણને એ લક્ષ્ય વિશે શીખવી રહ્યા છે જેની આપણને લલક છે અને જે પામવા માટે આપણે પ્રયત્ન કરી રહ્યાં છીએ.

એટલા માટે બાબાજીના શક્તિપાત દીક્ષાના વર્ણનને સંક્ષિપ્ત કરવામાં આવે તો એવું કરવું ન્યાયોચિત નથી — તમારે પોતે જ તેને વાંચવું પડશે. પણ અત્યારે, તેના એક ભાગ પર હું તમારું ધ્યાન લાવવા માંગું છું.

બાબાજી પોતાના વર્ણનમાં 'અનેકમાં એક'નાં દર્શન વિશે અને અંદરબહારના જગતમાં ભેદવૃત્તિના વિલય વિશે જણાવે છે. તેઓ જણાવે છે કે તેમને અનંત જ્યોતિઓનો કિરણપુંજ, ચમચમ કરતી ચમકતી, અણુથી પણ અણુ, નીલી, નાની નાની ચિનગારીઓ ઝગમગાટ કરતી સર્વાંગમાં અને બહાર પણ દેખાવા લાગી જે ધીમા મૃદુલ વરસાદ સાથે મળી રહી હતી. આ અનેકતામાં એકતા, સર્વવ્યાપી ચિતિનું એક વિલક્ષણ વર્ણન છે; આ ''જોડાણનું એટલે કે અંતર-સંબંધ''નું અદ્‌ભુત વર્ણન છે. બાબાજીનું આ વર્ણન આપણને કહે છે કે ''જોડાણ'' એ આ વિશ્વબ્રહ્માંડનું મૂળ સ્વરૂપ છે, જેના આધાર પર આ જગત પ્રગટ થયું છે.

જ્યારે આપણે બાબાજીની દિવ્ય દીક્ષા વિશે તેમના શબ્દો વાંચીએ છીએ, ત્યારે તે શબ્દો આપણને પ્રેરિત કરે છે કે આપણે આપણા આધ્યાત્મિક અભ્યાસો કરતાં રહીએ. અને તે કરવા માટે એ આપણને માર્ગદર્શન આપે છે કે આપણે તેને સ્પષ્ટ સમજ સાથે, નવા દષ્ટિકોણ સાથે કરીએ કે આપણી સાધના જોડાવા માટેનો એક નિરંતર પ્રયત્ન જ છે અને તેનો ઉદ્દેશ્ય જ છે 'જોડાવા'નો. 'જોડાણ'ની પ્રાપ્તિ માટે આપણે જોડાવાનો અભ્યાસ કરતાં રહીએ છીએ.

* * *

આ મહિનાના અંતે, ૨૬મી ઑગસ્ટે ચંદ્રમા પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરશે અને ત્યારે આપણે રક્ષાબંધનનો તહેવાર મનાવીશું. આ દિવસે જોડાણ અથવા સંબંધ વિશેષ કરીને વાસ્તવિક રૂપ લે છે, એકબીજાના હાથ પર બાંધવામાં આવતી રંગબેરંગી 'રાખડી'ના રૂપમાં. ભારતમાં, બહેન પોતાના ભાઈના હાથ પર રાખડી બાંધે છે, જે એકબીજા પ્રત્યેના પ્રેમ અને સંરક્ષણના ભાવનું પ્રતીક છે. સિદ્ધયોગ પથ પર રક્ષાબંધન, ગુરુ અને શિષ્ય વચ્ચે રહેલા પ્રેમ અને સંરક્ષણના સંબંધની અભિસ્વીકૃતિ કરવાનો અને તેને દૃઢ કરવાનો સમય છે અને સાથેસાથે સાધકોનો પરસ્પર જોડાણનો પણ.

દોરીમાં ખાસ કરીને રાખડીની દોરીમાં કેટલી સુંદર પ્રતીકાત્મકતા છે! દોરી જોડે છે, ધારણ કરે છે, સાંકળે છે, તે બે બિંદુઓને જોડનારો સેતુ છે. અને જ્યારે એ રેશમી દોરીને ગાંઠ બાંધીને ૨૬મી ઑગસ્ટના ચંદ્રમાની જેમ એક પૂર્ણ ગોળાકાર બનાવવામાં આવે છે ત્યારે શું થાય છે? આ જોડાણ, આ સંબંધ અંતહીન, અનંત અને શાશ્વત પણ બની જાય છે. તે શ્રીગુરુ સાથેના આપણા સંબંધનું એક સચોટ પ્રતીક છે.

જ્યારે તમે ઑગસ્ટ મહિનાના તહેવારો ઉજવશો અને વધુ અન્વેષણ કરતા રહેશો કે 'જોડાણ' તમારા માટે શું છે અને તમારા માટે તેનો શું અર્થ છે, ત્યારે સિદ્ધયોગ પથ વેબસાઇટ જોવા માટે હું તમને પ્રોત્સાહિત કરું છું. તે તમારા માટે એક નિરંતર સાધન અને આધાર રહેશે. શરૂઆતમાં મેં તમને બડે બાબા સાથેના પ્રસંગો વિશે કહ્યું હતું, તેમની કૃપા અને તેમનાં દર્શન વિશે કહ્યું હતું, તેમાંના કેટલાક પ્રસંગો મહિનાની શરૂઆતમાં આવશે. વેબસાઇટ પર 'ચિત્‌શક્તિ વિલાસ'માંથી બાબાજીના શક્તિપાતના અનુભવનું વર્ણન તેમજ તેમની કેટલીક

શિખામણો પણ નિશ્ચિતપણે આવશે. આ ઉપરાંત, શ્રીગુરુમાઈના નવવર્ષ સંદેશ પર વિડીયો પ્રવચનની શૃંખલાનો પહેલો ભાગ પણ વેબસાઇટ પર આવશે, આ પ્રવચનો માનનીય અને અનુભવી સિદ્ધયોગ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા આપવામાં આવશે.

અને એટલું જ નહીં, ૨૫મી ઑગસ્ટથી ૯મી સપ્ટેમ્બર સુધી, 'એક મધુર સરપ્રાઇઝ સત્સંગ' ફરી એકવાર વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે. હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે તેમાં ફરીથી ભાગ લેજો અથવા જો તમે હજીસુધી તેમાં ભાગ ન લીધો હોય તો હવે જરૂર લેજો; હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે ગુરુમાઈજીના સંદેશ પ્રવચનની શિખામણોના તમારા અધ્યયન અને અભ્યાસ પ્રત્યે પુનઃ વચનબદ્ધ થતા રહેજો.

શિખામણોના અધ્યયન અને અભ્યાસ પ્રત્યે વચનબદ્ધ રહેવા માટે હું તમને એટલા માટે પ્રોત્સાહિત કરું છું કારણ કે આ શિખામણો સૂર્યનાં કિરણો જેવી છે, જે વરસાદના સમયે પાણી ભરેલા વાદળોના આવરણને ભેદે છે, જેનાથી વરસાદનાં ટીપાં ચમકવા લાગે છે — જોકે આપણે આના વિશે પહેલા ચર્ચા કરી છે, તેથી આપણે અત્યાર સુધીમાં આ વાત તો સમજી જ ચૂક્યા છીએ કે કિરણોને લીધે વરસાદનાં ટીપાં કેવા ચમકે છે. અને સૂર્યપ્રકાશની વિશેષતા એ છે કે તે એ ચમકને થોડી વધુ પ્રખર બનાવી દે છે.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

---

[૧] ગણેશપુરી નિવાસી ભગવાન નિત્યાનંદ, પૃ. ૬૮

[૨] જ્ઞાનેશ્વરી, ૧૨.૧; સ્વામી કૃપાનંદ, *Jnaneshwar's Gita: A Rendering of the Jnaneshwari* (આલ્બની, ન્યૂયૉર્ક : સની પ્રેસ, ૧૯૮૯) પૃ. ૧૭૫

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.